# ઉનાવામાં ત્રણ દિવસમાં ત્રણ ભેંસોની ચોરીએ ચકચાર જગાવી

## ભેંસને ઈન્જેક્શન આપી લઈ જતાં તસ્કરોનો ત્રાસ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના ગામડાઓમાં છેલ્લા ઘણા સમયથી પશુધન ચોરાતુ હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. તાજેતરમાં ઉનાવા ગામના ત્રણ ખેતરોમાંથી ત્રણ દૂઝણી ભેંસો ચોરાયાના સમાચાર મળ્યા છે. બે માસમાં આવા ઘણા પશુધન ચોરાયા હોવાની ગામલોકોએ ફરિયાદ કરી છે.

ઉનાવા ગામમાં અને તેની આસપાસના ગામોમાં છેલ્લા ઘણા સમયથી પશુધન ચોરાયાની લોક ફરિયાદો ઉઠી છે. ખાસ તો તસ્કરો મોડી રાત્રે જે તે ખેતરોમાં બાંધેલા ઢોરો પાસે જઈ તેમને ઈન્જેક્શન આપી નિસ્તેજ કરી દે છે. આ ઈન્જેક્શનથી ઢોર તોફાન કરતું નથી. માત્ર ગોવાળ જેમ દોરે તેમ જાય છે. ઉનાવાથી પીપળજ તરફ જવાના રોડ પરના ત્રણ બોર ઉપરથી રાત્રીના સમયે એક પછી એક એમ ત્રણ ભેંસોની ચોરી થઈ હતી. ભેંસો પણ દૂઝણી હતી.

એક ભેંસની અંદાજીત ૫૦,૦૦૦ જેટલી કિંમત થતી હોય છે. રોકડ રકમ, નાની મોટી વસ્તુઓની ચોરીઓ, દાગીનાની ચોરીઓ તો થાય જ છે પણ હવે તો તસ્કરોનો ત્રાસ વધી ગયો છે. તસ્કરો હવે ભેંસોને પણ છોડતા નથી. ગાય અને વાછરડાની પણ ચોરી થાય છે. વારંવાર આવી ચોરીઓ થતી હોવાથી ગ્રામજનોની એવી લાગણી છે કે, રાત્રી દરમિયાન પોલીસ પેટ્રોલીંગ થાય અને અંતરિયાળ કે રોડ ઉપરના ગામો, ખેતરોમાં બાંધેલી ગાય, ભેંસોની ચોરી થતી અટકાવે.

# હજુ થોડાક દિવસ ઠંડીની અસર રહેશે

## ઠંડીના નાના-નાના રાઉન્ડ આવતા રહેશે જે રવિ પાકો માટે શ્રેષ્ઠ રહેશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે હજુ થોડાક દિવસ ઠંડીની અસર રહેશે.

હવામાનમાં પલ્ટાના યોગો આગામી દિવસોમાં છે. હમણાં દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશો તેમજ વિશ્વના કેટલાક દેશોમાં હવામાન ક્ષેત્રે પલ્ટા જોવા મળ્યા છે અને ફેબ્રુઆરીની શરૂઆતમાં ઠંડીના રાઉન્ડ સાથે ગુજરાતમાં માવઠાંની સ્થિતિ હતી. ભૂ-ભૌગોલિક સ્થિતિ તેમજ અન્ય યોગો સાથે સાથે ગ્રહયોગોથી જોતાં હજુ પણ ભારત સહિત વિશ્વના કેટલાક દેશોમાં હવામાનમાં પલ્ટા જોવા મળશે. અમેરિકા, લંડન, ટોક્યો, ફ્રાન્સ વગેરેમાં બરફ વર્ષા તેમજ પવન સાથેના સાયક્લોન જણાશે, જ્યારે ઓસ્ટ્રેલિયાના ભાગોમાં તેમજ દક્ષિણ ગોળાર્ધના ભાગોમાં વરસાદની સ્થિતિ જોવા મળશે. જ્યારે દેશ અંગે જોતા દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હીમવર્ષા અને ઠંડકના વરસાદની હજુ પણ વકી રહેશે. આગામી દિવસોમાં પણ દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે પવન સાથે બરફ પડવાની વકી રહેશે. આ પવનથી વૃક્ષો ઉપર અસર જણાય. એટલે હજુ પણ ઠંડીની સ્થિતિ રહે એટલે રવિ પાકોમાં સારી સ્થિતિ જણાય. પરંતુ કેટલાક પાકોમાં વાદળ છાયુના કારણે પાકોનું જતન કરવુ ઈસ્ટ રહે. તા. ૧૨મી ફેબ્રુઆરીથી કુંભ રાશિમાં સૂર્ય, તા. ૧૬મી ચંદ્ર-શનિ પ્રતિયોગ, તા. ૧૮મીએ ચંદ્ર-ગુરૂ ગ્રહ યોગ જોતા આગામી બે-ત્રણ દિવસ પવન રહે અને તાપમાનમાં વૃદ્ધિ જણાય. ગુજરાત-સૌરાષ્ટ્રના ભાગોમાં તા. ૧૨-૧૩ ફેબ્રુઆરી દરમ્યાન દરિયાઈ ભૂ-ભાગો પર વાદળો જણાય અને ૨૧મી સુધીમાં ભેજ વધતા કેટલાક ભાગોમાં કમોસમી વરસાદની વકી રહે. કારણ કે પશ્ચિમેતર ભાગોમાં આવતા વિક્ષોપોના કારણે માવઠા થતા હોય છે અને આવુ શિયાળામાં ઘણી વખત થતુ જોવા મળે છે. જે બાબત હમણાંથી થતી વિશિષ્ટ પ્રકારની ભો ભૌગોલિક સ્થિતિ ગણાય. જો કે આ વાદળો મદા માસમાં સામાન્યતહ: રહેતા હોય છે જેના કારણે આગામી ચોમાસુ વરસાદની ધારણાં સારી રહે. પ્રાચિન વર્ષા વિજ્ઞાનની દૃષ્ટિએ મહામાસ વાદળોવાળો સારે. તા. ૧૯ મીથી ગરમી વધે અને દરિયાઈ ભૂભાગો તરફ પવનો ફુંકાવાની વકી રહે. હજુ પણ રાત્રીના ભાગમાં ઠંડી જળવાઈ રહેતા, ઘઉં જેવા પાકો માટે તે સારી ગણાય. પરંતુ જો પૂર્વનો પવન થાય તો રાઈ જેવા પાકોમાં રોગ આવવાની વકી રહે. હજુ ઉનાળુ પવન શરૂ થવામાં નથી એટલે વચ્ચે વચ્ચે આવતી ઠંડી શિયાળુ પાકો માટે સારી.

# અમદાવાદના ચાંદલોડિયાના વિશ્વકર્મા મંદિરમાંથી રૂપિયા ૫૩૦૦૦ની ચોરી

અમદાવાદના ચાંદલોડિયા વિસ્તારમાં આવેલા વિશ્વકર્મા મંદિરમાંથી શનિવારે રાત્રે તસ્કરોએ મંદિરનું તાળું તોડી દાનપેટીમાંથી ચલણી નોટો તેમજ પરચુરણ મળી કુલ રૂપિયા ૫૩૦૦૦ની મતા ચોરી કરી નાસી છૂટયા હતા. વિશ્વકર્મા મંદિરમાં રાત્રે મંદીરનાં પુજારી ગોવિંદભાઈ નિત્યક્રમની પૂજા કરી અને મંદીર બંધ કરી ઘરે ગયા હતા તે દરમિયાનમાં અજાણ્યા શખ્સો મંદિરના મુખ્ય દ્વારને લગાવેલું તાળુંતોડી મંદિરની દાન પેટીમાંથી ચલણી નોટો અને પરચુરણ ચોરી કરી ગયા હતા. નાના ગોગા મહારાજના મંદિરની પણ દાન પેટી તોડી તેમાંથી પરચુરણ તેમજ નોટો ચોરી કરી કુલ ૫૩૦૦૦ની ચોરી કરી નાસી છૂટયા હતા.

### ગાંધીનગર જિલ્લા ચેસ એસોસીએશન દ્વારા યોજાયેલ

# ચેસ ટુર્નામેન્ટમાં સીનીયર વિભાગમાં જયેશ જાદવ ચેમ્પિયન

## અન્ડર ૧૫માં રૂદ્ર પાઠક જ્યારે અન્ડર ૧૨માં ઓઝા વરૂણ ચેમ્પિયન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લા ચેસ એસોસીએશન તરફથી તારીખ ૯ અને ૧૦ ફેબ્રુઆરી-૨૦૧૩ દરમિયાન જુદી જુદી ત્રણ કેટેગરીમાં ચેસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ હતું. સીનીયર કેટેગરીના ખેલાડીઓ માટે તારીખ ૯ અને ૧૦ બે દિવસ માટે તેમજ જુનીયર કેટેગરી માટે તારીખ ૧૦ના રોજ ટુર્નામેન્ટ યોજાઈ હતી. જેમાં સીનીયર કેટેગરીમાં ૪૮ અન્ડર-૧૫માં ૨૬ અને અન્ડર-૧૨ કેટેગરીમાં ૨૪ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

સીનીયર કેટેગરીમાં પ્રથમ દિવસે ત્રણ રાઉન્ડ જ્યારે બીજા દિવસે ચાર એમ કુલ-૭ રાઉન્ડની ક્લાસીક (બંને ખેલાડીઓને એક-એક કલાકનો સમય સાથે) ટુર્નામેન્ટ યોજાઈ હતી. જેમાં ખૂબજ રસાકસીના અંતે જયેશ જાદવ પ્રથમ (રૂ. ૧૦૦૦) મુકેશ સોલંકી બીજા (રૂ. ૭૫૦) વિજય રાવત ત્રીજા (રૂ. ૫૦૦) ડૉ. નિતીન દવે ચોથા (રૂ. ૩૦૦) અને જીજ્ઞા જોષી પાચમાં (રૂ. ૨૦૦) સ્થાને રહ્યા હતા. સીનીયર કેટેગરીમાં કુલ-૧૧ ઈનામો આપવામાં આવ્યા હતા. ૬ થી ૧૦ નંબરે આવેલ ખેલાડીઓને ચેસ સેટ જ્યારે પ્રોત્સાહક ઈનામ તરીકે પ્રિયંકા પંચોલીને ચેસ સેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

જુનીયરની બે કેટેગરીમાં અન્ડર ૧૫માં પાઠક રૂદ્ર પ્રથમ શાહ મીત બીજા અને ચૌહાણ ધ્રુવ ત્રીજા અને અન્ડર ૧૨માં ઓઝા વરૂણ પ્રથમ ચૌહાણ પુષ્પેન્દ્ર બીજા અને પટેલ રાજ ત્રીજા નંબરે રહ્યા હતા. બંને ગ્રૂપમાં એકથી ત્રણ નંબરે આવેલ ખેલાડીઓને ટ્રોફીથી જ્યારે ચોથા અને પાંચમા નંબરે આવેલ ખેલાડીઓને ચેસ સેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત ઓપન ગુજરાત વુમેન ચેસ સ્પર્ધામાં ગાંધીનગરના જીજ્ઞા જોષી સ્ટેટ સચેમ્પિયન બનેલ તેણીનું ગાંધીનગર જિલ્લા ચેસ એસોસીએશન દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ હતું.

ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે એસોસીએશનના હોદ્દેદારો એન. જે. સાતુનિયા, શૈલેષ નાયક, અશ્વિન પટેલ, ગૌતમ વાણિયા વગેરેએ ખૂબજ જહેમત ઉઠાવી હતી. ટુર્નામેન્ટમાં આર્બીટર તરીકે શ્રી પંકજ પંચોલી સુરેન્દ્રનગરે સેવાઓ આપી હતી.

# કોંગ્રેસી ઉમેદવાર બેચરભાઈ પટેલના કાર્યાલયનું ઉદ્‌ઘાટન યોજાયું

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર તાલુકા પંચાયતના કુડાસણ-૧૨ના કોંગ્રેસના ઉમેદવાર બેચરભાઈ કે. પટેલના કાર્યાલયનો ઉદઘાટન સમારોહ તા.૧૦મી ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ યોજાયો હતો.

શહેર કોંગ્રેસના પ્રમુખ મુકેશભાઈ પટેલ તથા મહામંત્રી કે.પી. સોલંકીએ એક સંયુકત અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આગામી તા.૧૭મી ફેબ્રુઆરી-૨૦૧૩ના રોજ યોજાનાર ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ તરફથી કુડાસણ-૧૨ વિભાગમાંથી ચૂંટણી લડતા ઉમેદવાર બેચરભાઈ પટેલના ચૂંટણી કાર્યાલયનું ઉદ્‌ઘાટન ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મુકેશભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના કોંગ્રેસ પક્ષના નેતા ચીમનભાઈ વીંઝુડા, જિલ્લા સદસ્ય હીનાબેન પટેલના વરદ હસ્તે તા.૧૦મી ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ ભાયજીપુરા-રાયસણ રોડ ઉપર આવેલા મધ્યસ્થ કાર્યાલય ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો, હોદ્દેદારો, ટેકેદારો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ કુડાસણ, કોબા, રાયસણ, ભયજીપુરા ગામોમાં લોક સંપર્ક પણ કરવામાં આવ્યો હતો. લોકસંપર્ક સાથે કૌશિક પટેલ, દર્શન પટેલ, રાજુ પટેલ, ગાંધીનગર શહેરના પ્રવક્તા પંકજ શુકલ, હરેશ પટેલ વગેરે હાજર રહ્યા હતા.

# નાયી સમાજનો ૨૦મો સમૂહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

મોદી છાસઠ જૂથ નાયી સમાજ કલોલ દ્વારા આયોજીત ૨૦મો સમૂહ લગ્નોત્સવ તા. ૧૪મી ફેબ્રુઆરી-૨૦૧૩ને ગુરૂવારે મેડા આદરજ, તા. કડી, જિલ્લો મહેસાણા ખાતે યોજાશે.

બેતાલીસ વિભાગ મોટી છાસઠ જૂથ નાયી સમાજના પ્રમુખ મફતલાલ વી. પારેખના જણાવ્યા મુજબ સમાજના નવ યુવાનોના આ ૨૦મા સમૂહ લગ્નોત્સવમાં આ વર્ષે ૨૯ નવયુગલો પ્રભુતામાં પગલાં પાડશે. સમાજના સ્નેહીજનો, અગ્રણીઓ અને સગાસંબંધીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી પાસે બોર્ડના પરીક્ષાર્થીઓનો આંકડો નથી !!

## ધો. ૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષાને આડે મહિનો પણ નથી, જિલ્લામાંથી કેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે શિક્ષણતંત્રને ખબર નથી

ગાંધીનગર, તા. ૧૧

ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાને હવે મહીનો પણ આડો રહ્યો નથી. ત્યારે પરીક્ષાને આનુસંગિક તૈયારીઓના બણગા ફૂંકતી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી પાસે આગામી બોર્ડ પરીક્ષામાં જિલ્લામાંથી કેટલા વિદ્યાર્થીઓ એપિયર થવાના છે તેનો આંકડો સુદ્ધા નથી. વિદ્યાર્થીઓ માટે અત્યંત અગત્યની બોર્ડ પરીક્ષા આગામી માર્ચના પ્રથમ સપ્તાહમાં યોજવામાં આવનાર છે. ત્યારે જિલ્લા શિક્ષણ તંત્ર તદ્દન નિશ્ચિત મૂડમાં છે. બોર્ડ પરીક્ષા દરમિયાન તંત્ર દ્વારા શરૂ કરાતા કન્ટ્રોલરૂમ અને હેલ્પલાઈનનો પણ વિદ્યાર્થીઓ અને વાલીઓને કડવો અનુભવ થતો હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. પરીક્ષાની મૌશમ નજીકમાં છે. માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાના આડે હવે માત્ર ૨૫ દિવસનો ટુંકો સમયગાળો જ બાકી રહ્યો છે ત્યારે પરીક્ષાના સફળ આયોજનને લઈ બેઠક વ્યવસ્થા સહિતની જરૂરી જવાબદારી સંભાળતા જિલ્લા શિક્ષણતંત્ર પાસે પરીક્ષાર્થીઓની સંખ્યા પણ ઉપલબ્ધ નથી. આઈ.એમ.ઓ. ૯૦૦૧ પ્રમાણિત જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સંકલનના અભાવે પરીક્ષાર્થીઓના આંકડાથી હજુ અજાણ હોવાનું સ્પષ્ટ થયું છે. વિદ્યાર્થીઓના હીતની સાથે શિક્ષણનું સ્તર સુધારવા શિક્ષણતંત્ર છાશવારે બડાશો હાંકે છે. પરંતુ સોહામણી વાતો પાછળ ડોકીયું કરતી બિહામણી હકીકત કાંઈક અલગ હોવાનું સ્પષ્ટ થયું છે.

# કોલવડા મારામારીના કેસમાં આરોપીને ૭ વર્ષની સખત કેદ

## લગ્નપ્રસંગમાં આમંત્રણ નહીં આપતા ચાર આરોપીઓએ અદાવત રાખી માર માર્યો હતો : અન્ય આરોપીઓને પણ બે થી ત્રણ વર્ષની કેદ

ગાંધીનગર, તા. ૧૧

કોલવડા ગામમાં લગ્નપ્રસંગમાં આમંત્રણ નહીં આપવાની બાબતે અદાવત રાખી એક વ્યક્તિને લાકડી તેમજ દાંતી વડે માર મારી ગંભીર ઈજા પહોંચાડવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૪ વર્ષની સખત કેદની સજા ભોગવવા હૂકમ કર્યો છે. જ્યારે આ કેસના અન્ય ત્રણ આરોપીઓને પણ સજાનો આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ત વિગત અનુસાર તા. ૪ મે વર્ષ ૨૦૧૧ના રોજ જિલ્લાના કોલવડા ગામમાં પગીવાસમાં રહેતા અમરતજી ઉમેશજી ઠાકોર તેમજ અન્ય વ્યક્તિઓ ઉપર આરોપી શતાજી જવાનજી ઠાકોર, દશરથજી જવાનજી ઠાકોર, કાળાજી જવાનજી ઠાકોર તેમજ વિષ્ણુ જવાનજી ઠાકોરે હૂમલો કર્યો હતો. લગ્નપ્રસંગમાં આમંત્રણ નહીં આપવાની બાબતે અદાવત રાખી આરોપીઓએ લાકડી અને દાંતિ વડે અમરતજીને માર માર્યો હતો. જેના લીધે તેમને ગંભીર ઈજાઓ થવા પામી હતી. આ બનાવ સંદર્ભે પેથાપુર પોલીસમથકે ગુનો નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસ ગાંધીનગરની એડીશનલ ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી. વ્યાસે દલીલો કરી હતી. જે દલીલોને ધ્યાને લી જજ એસ.કે. બક્ષીએ આરોપી દશરથને ૭ વર્ષની સખત કેદ, શનાજી ઠાકોરને ૨ વર્ષની કેદ, આરોપી કાનાજી ઠાકોરને ૨ વર્ષ તેમજ આરોપી વિષ્ણુજી ઠાકોરને ૨ વર્ષની કેદની સજા તેમજ રૂ. ૨ હજાર દંડ ભોગવવા હૂકમ કર્યો છે. આ કેસમાં સરકારી વકીલ પી.ડી. વ્યાસે કોર્ટ સમક્ષ દલીલમાં જણાવ્યું હતું કે સામાન્ય બાબતમાં આરોપીઓને ગંભીર ઈજાઓ પહોંચાડી છે.

# દશગામ લેઉઆ પાટીદાર સમૂહ લગ્નોત્સવ ૧૭મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

શ્રી દશગામ લેઉઆ પાટીદાર સમૂહ લગ્ન સંસ્થાન દ્વારા આયોજીત ૨૬મો લગ્નોત્સવ પટેલ કાન્તીભાઈ વિઠ્ઠલભાઈ સમાજવાડી, મુ. ધમાસણા ખાતે યોજાશે.

સમાજના ૨૬મા સમૂહલગ્નોત્સવમાં ૧૫ યુગલ જોડાઈ પ્રભુતામાં પગલા પાડશે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજયના ગૃહ મંત્રી રજનીકાન્ત પટેલ, કાલુપુરના મહંત શાસ્ત્રી હરિકૃષ્ણદાસ અને સંતો મહંતો ખાસ ઉપસ્થિત રહી યુગલોને આશીર્વચન આપશે. અંબિકા યુવા ગૃપ અંબાપુરના વિક્રમભાઈ, નંદુભાઈ, પ્રવીણભાઈ, ધર્મેન્દ્રભાઈ, ઘનશ્યામભાઈ, રાવજીભાઈ, મંગળભાઈ, કેતનભાઈ, મુકેશભાઈ વી. પટેલ અને મુકેશભાઈ એ. પટેલ, મુકેશભાઈ કે. પટેલ, પોપટભાઈ પટેલ અને મુકેશભાઈ આર. પટેલના સંયુક્ત સાહસથી સમગ્ર લગ્નોત્સવ યોજાશે. યુગલોનું લગ્નજીવન સફળ બનાવા અને જીવનની દરેક પરિસ્થિતિમાં એક મેકનો સાથ-સહકાર મેળવી રાખવા અગ્રણીઓ, સાધુ સંતો અને વડીલો, સ્નેહીજનો આશીષ પાઠવશે.

# ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસે અફઝલ ગુરૂની ફાંસીને આવકારી ફટાકડા ફોડ્યા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેર કોંગ્રેસના પ્રમુખ મુકેશભાઈ પટેલ તેમજ મહામંત્રી કે.પી. સોલંકીએ એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવ્યું છે કે સંસદ ઉપરના હુમલાના આરોપી અફઝલ ગુરુને ફાંસી આપવા બદલ ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસે ફટાકડા ફોડી, આતશબાજી કરી ખુશી વ્યક્ત કરી છે.

સંસદ ઉપરના હુમલામાં સંડોવાયેલા અફઝલ ગુરુને ફાંસીએ લટકાવી દેવાની કાર્યવાહીએ ત્રાસવાદ અને આતંકવાદને નાથવાનું હિંમતભર્યું પગલું છે. જેને ભારતની સમગ્ર પ્રજાએ પ્રસંશા કરી છે. જેના ભાગરૂપે ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મુકેશ પટેલની આગેવાની હેઠળ સેક્ટર-૧૧ ખાતેના મેદાનમાં ફટાકડા ફોડી હર્ષોલ્લાસ વ્યક્ત કર્યો હતો.

# નાગરિક બેંકની સામે ઈકો ગાડી અને મોટર સાયકલનો અકસ્માત

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં દિન પ્રતિદિન અકસ્માતો થવાના બનાવ વધી રહ્યા છે. ગાંધીનગરના હાર્દ સમા 'ઘ' રોડ ઉપર નાગરિક બેંકની સામે આજ રોજ સવારના સમયે ઘ-૪ થી ઘ-૫ તરફ જતી મારૂતિ ઈકો ગાડી નંબર જીજે ૧૮ એ.વી. ૪૪૮૯ જે જઈ રહી હતી દરમિયાન નાગરિક બેંકના એપ્રોચ રોડ પરથી ઘ રોડ ઉપર આવી રહેલ મોટર સાયકલને અડફેટે લીધા હતા. મોટર સાયકલના ચાલકને પગે ફ્રેક્ચર થતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. આ અંગે સે-૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગિયોડ ગામે મકાનમાં શોર્ટસર્કિટ થતા ભીષણ આગ

## અંદાજે ૧૦૦૦ પૂળા અને ઘરવખરી બળી જતા રૂ. ૩ લાખનું નુકશાન

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક આવેલ ગિયોડ ગામે આજે વહેલી સવારે ખેડૂતના મકાનમાં અચાનક જ શોર્ટ સર્કિટના કારણે આગ ભભૂકી ઉઠતા મકાન ઉપર રાખવામાં આવેલ અંદાજે ૧૦૦૦ જુવારના પૂળા અને ઘરમાં પડેલ ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી જેથી ખેડૂત પરિવારને રૂ. ૩ લાખનું નુકશાન થતા પરિવાર બેઘર બની ગયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર જિલ્લાના ગિયોડ ગામે ખડકી વાસમાં રહેતા અને ખેત મજુરી કરી પોતાનું અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા પૂનાભાઈ ચૌધરીના મકાનમાં આજે સવારે ૯ વાગ્યાના અરસામાં અચાનક જ શોર્ટ સર્કિટના કારણે આગ ભભૂકી ઉઠી હતી. ક્ષણવારમાં જ આખું મકાન આગની જવાળાઓમાં લપેટાઈ ગયું હતું અને મકાન ઉપર પડેલ અંદાજે ૧૦૦૦ જેટલા જુવારના પૂળા અને ઘરમાં પડેલ ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. આ આગ અંગેની જાણ ગાંધીનગર ફાયર ફાઈટરને થતા ફાયરની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને અડધો કલાકની જહેમત બાદ સંપૂર્ણ આગને કાબુમાં લીધી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી પરંતુ રૂ. ૩ લાખનું નુકશાન ખેડૂતને થવા પામ્યું હતું અને ખેડૂત પરિવાર બે ઘર બની ગયું હતું.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૮

સૂર્યાસ્ત : ૬.૨૭

## તાપમાન

મહત્તમ : ૩૧.૮ ડિ.સે.

લઘુત્તમ : ૧૫.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૭ ટકા ● સાંજે ૩૪ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

એબીસીડીઃ ઍની બોડી કૅન ડાન્સ (૩ડી) : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

એબીસીડીઃ ઍની બોડી કૅન ડાન્સ (૨ડી) : ૯.૧૫, ૧૨.૧૫, ૯.૧૫

રેસ- ૨ : ૩.૧૫

વિશ્વરૂપમ : ૬.૧૫

: સ્ક્રીન-૩ :

સ્પેશયલ-૨૬ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

સ્પેશ્યલ -૨૬ : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

### સૂર્યા, વાવોલ

સ્પેશ્યલ-૨૬ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

આખા જગથી નિરાલી મારી સાજના : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

સ્પેશ્યલ-૨૬ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

સ્પેશ્યલ -૨૬ : ૧૧.૧૫, ૨.૧૫

એબીસીડીઃ ઍની બોડી કૅન ડાન્સ : ૫.૦૦, ૭.૩૦

વિશ્વરૂપઃ ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

એબીસીડીઃ ઍની બોડી કૅન ડાન્સ : ૧૦.૪૫, ૧૦.૦૦

વિશ્વરૂપમ : ૧.૧૫, ૪.૧૫, ૭.૦૦

### ચિરાગ, કલોલ

સ્પેશ્યલ-૨૬ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થશે. નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સફળ યાત્રાનો યોગ બની રહ્યો છે.

**વૃષભ** : નવા પ્રસ્તાવ પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સુખમાં વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ. ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા પ્રવાસ થશે.

**મિથુન** : આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે. ઋણ સંબંધી કાર્યોમાં સંય રાખવું. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરવું. કૌટુંબિક ઉન્નતિ થશે.

**કર્ક** : મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે. નવા આર્થિક સ્ત્રોત પર કાર્ય થશે. વિવાદિત નિર્ણય પક્ષમાં આવી શકે છે.

**સિંહ** : નવી યોજનાઓ બનશે જેનો લાભ ભવિષ્યમાં પ્રાપ્ત થઈ શકે છે. આર્થિકક્ષેત્રે વિશેષ યાત્રાઓ થશે. ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો નવા કાર્યોથી દૂર રહો. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પામિનો યોગ.

**કન્યા** : સામાજિક કાર્યોમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિના કાર્ય થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે. ધન સંચય કરવા માટે વ્યાપારિક યોજના બનશે.

**તુલા** : સામાજિક કાર્યોમાં સમય પસાર થશે. ઋતુ અનુસાર ખાનપાન કરવું. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનનો યોગ બની રહ્યો છે. ધર્મ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે.

**વૃશ્ચિક** : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે. શુભ માંગલિક કાર્યનો યોગ બનશે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ થશે.

**ધન** : ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. પ્રેમ સંબંધમાં સફળતા મળવાનો યોગ છે. વ્યસ્તતામાં વધારો થશે. નવીન કાર્ય કરવાની તક પણ વધશે.

**મકર** : આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો. શિક્ષા, સંતાન, પ્રતિસ્પર્ધાત્મક પરીક્ષા સંબંધી ભાગ્યવર્ધક યોગ બની રહ્યા છે.

**કુંભ** : દેખાવ અને આડંબરોથી સ્વયંને દૂર રાખો. કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. તમારા પ્રયાસોની લોક પ્રશંસા કરશે. સહયોગીઓથી લાભ મળવાની સંભાવના છે. આવકમાં વધારો થઈ શકે છે.

**મીન** : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક રહેશે. વિચારો સકારાત્મકા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિ વધશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધર્મ- કર્મમાં ખર્ચ થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. પટેલ ગોપાળભાઈ શંકરદાસ (ઉ.વ. ૭૮)૧૫, જલધારા બંગ્લોઝ, મુ.પો. માણસા, તા.માણસા,જિ. ગાંધીનગર.
- સ્વ. બળદેવભાઈ કાન્તીલાલ પ્રજાપતિ (ઉ.વ. ૫૧)મુ.પો. સોનીપુરા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ભગવતીબેન અરવિંદભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૪૦)મુ.પો. સોનીપુરા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. લાલીબેન કમુભાઈ રબારી (ઉ.વ. ૬૦) ચેહર નગર, રબારી વાસ, સેકટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. શંભુદેવી શીવબાલક યાદવ(ઉ.વ. ૯૫) બ્લોક નં. ૨/૧૩, જી.એસ.આઈ. કોલોની, સેકટર-૧૨, ગાંધીનગર.